Gujarat Samachar

EDII

April 08, 2026
Page No. 02
(Guj. Plus)

# ઉદ્યોગસાહસિકતા વિષય નહીં, એક વિચારસરણી અને જીવનકૌશલ્ય



દેશભરના વિદ્યાર્થીઓમાં ઈનોવેશન, ડિઝાઈન થિંકિંગ અને ઉદ્યોગસાહસિકતા ક્ષમતાઓ વિકસે તે હેતુથી અમદાવાદની એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા ઈનોવેશન, ડિઝાઈન અને એન્ટરપ્રિન્યોરશિપ (આઈડીઈ) વિષય પર ત્રીજા સંસ્કરણના બૂટ કેમ્પનું આયોજન તાજેતરમાં કરાયું છે. આ બૂટકેમ્પનું આયોજન અખિલ ભારતીય તકનિકી શિક્ષણ પરિષદ અને શિક્ષણ મંત્રાલયની ઈનોવેશન સેલ દ્વારા કરવામાં આવ્યું છે. બૂટકેમ્પ સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ.સુનીલ શુકલા કહે છે કે, ઉદ્યોગસાહસિકતા માત્ર એક વિષય નથી, પરંતુ તે એક વિચારસરણી અને જીવનકૌશલ્ય છે. છેલ્લા દાયકામાં આ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને વિદ્યાર્થીઓમાં તેની પ્રત્યેનો રસ સતત વધી રહ્યો છે. સફળતા હોય કે નિષ્ફળતા - બન્નેમાંથી શીખવા મળે છે. સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે કઈ કૌશલ્યો જરૂરી છે તે સમજવાની તીવ્ર ઈચ્છા વિદ્યાર્થીઓમાં હોવી જોઈએ.